સંદેશ, પાના નંબર.- ૦૨.
તારીખ:- ૨૬/૦૨/૨૦૨૬.

આજે અમદાવાદનો સ્થાપના દિવસ

# ઈતિહાસ અને આધુનિકતાનો અનોખો સંગમ એટલે આજનું વિકસતું અમદાવાદ




## સાબરમતીના રેતાળ કિનારે પાયો નંખાયો અને આજે મેટ્રોની ગૂંજ સંભળાય છે દરવાજાના રક્ષણથી 'ડિજિટલ કવચ' સુધી પહોંચ્યું આપણું ગરવું અમદાવાદ

। અમદાવાદ ।

સાબરમતીના રેતાળ કિનારે ૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧ના રોજ જ્યારે સુલતાન અહમદશાહે આ શહેરનો પાયો નાખ્યો, ત્યારે એમના મનમાં માત્ર એક સુરક્ષિત સલ્તનતની શોધ હતી. પણ આજે ૬૧૫ વર્ષના વહાણા વાઈ ગયા બાદ, અમદાવાદ જે ઊંચાઈ પર પહોંચ્યું છે તે સુલતાનની કલ્પના બહારની વાત છે. જે ધરા પર ક્યારેક ઘોડાના ડાબલા વાગતા હતા, ત્યાં આજે મેટ્રોની ગૂંજ સંભળાય છે. આજે આ શહેર ૨૦૩૧ના આધુનિક 'ગ્લોબલ મેગા સિટી' તરફ અવિરત ગતિએ આગળ વધી રહ્યું છે. સ્થાપનાના એ ૧૨ દરવાજા આજે માત્ર સ્મારક નથી, પણ આધુનિક પરિવર્તનના સાક્ષી છે. ૧૪૧૧માં પથ્થરના કોટ અને દીવાલોથી રક્ષિત અમદાવાદ ૨૦૩૧ સુધીમાં ૨૫,૦૦૦થી વધુ હાઈ-ટેક કેમેરા અને AI સંચાલિત 'ડિજિટલ કવચ'થી સજ્જ હશે. વેપાર જે શહેરની રગોમાં છે, તે માણેકચોકના લાલ ચોપડાઓમાંથી નીકળીને હવે 'ગિફ્ટ સિટી'ના ગ્લાસ ટાવર્સમાં વૈશ્વિક ફિનટેક અને સેમીકન્ડક્ટર હબ તરીકે ઓળખાશે. અમદાવાદની કનેક્ટિવિટી અને ઓલિમ્પિકનું સપનું પણ સાકાર કરવા સતત કામગીરી ચાલી રહી છે.અશ્વોની ગતિએ દોડતું અમદાવાદ ૨૦૩૧ સુધીમાં બુલેટ ટ્રેન અને મેટ્રો ફેઝ-૩ના પાટા પર ઉડતું હશે. સાબરમતી રિવરફ્રન્ટ માત્ર પર્યટન સ્થળ જ નહીં, પણ ૨૦૩૬ના ઓલિમ્પિકની યજમાની માટે તૈયાર થઈ રહેલા 'સ્પોર્ટ્સ સિટી'નું હૃદય બનશે. 'સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ' દ્વારા અમદાવાદ વિશ્વના રમતગમતના નકશા પર વિજેતા બનીને ઉભરશે. મહત્ત્વનું છે કે, પોળના ઓટલેથી કોર્પોરેટ ઓફિસ સુધી પહોંચેલી મહિલાશક્તિ અને પાઠશાળાથી આઈઆઈટી (IIT) સુધીનો શિક્ષણનો પ્રવાસ શહેરની વૈચારિક પ્રગતિ દર્શાવે છે. સિવિલ હોસ્પિટલની વિરાસત હવે રોબોટિક સર્જરી અને મેડિકલ ટુરિઝમમાં ફેરવાઈ છે. આ સાથે જ શહેર નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન અને ગ્રીન ટ્રાન્સપોર્ટના સંકલ્પ સાથે પર્યાવરણ પ્રત્યે પણ સજાગ બન્યું છે.